# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-11-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મગફળીની ખરીદી-ખેડુત પ્રતિભાવ :

રાજ્ય સરકાર દ્વારા હાલમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે, ત્યારે કચ્છમાં ખેડૂતો મોટી સંખ્યામાં મગફળી વેચવા ઉમટી રહ્યા છે. ભુજના ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂતો મગફળી વેચવા આવ્યા હતાં. આ સાથે રાજ્ય સરકારે કમોસમી વરસાદથી પાક નુકસાનીની સહાય માટે જાહેર કરેલા રૂ. ૧૦ હજાર કરોડના રાહત પેકેજ અને સરકારની મગફળીની ટેકાના ભાવે ખરીદી પ્રત્યે ખેડૂતો રાજીપો વ્યક્ત કરી રહ્યા છે.

(બાઇટ : ખેડૂત)

---------------------------------------------------------------------------------------------

## ધોરડો,ધોળાવીરા વિસ્તારના રિસોર્ટ સંચાલકો સાથે બેઠક:

આગામી દિવસોમાં રણોત્સવમાં સહભાગી થવા લાખોની સંખ્યામાં પ્રવાસીઓ જ્યારે કચ્છ જિલ્લાની મુલાકાતે આવનારા છે ત્યારે કચ્છ કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં ગઇકાલે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને ધોરડો, ધોળાવીરા સહિત આજુબાજુ વિસ્તારના રિસોર્ટ અને હોમસ્ટે ધારકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેકટરે હોમસ્ટે, રિસોર્ટ ધારકો સાથે સંવાદ કરીને તેમના પ્રશ્નો અંગે જાણકારી મેળવી હતી તથા તમામને રિસ્પોન્સીબલ ટુરિઝમના ધ્યેય સાથે પ્લાસ્ટિક પ્રતિબંધિત વિસ્તારમાં પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા, હાઇજીન જાળવવા અને સ્વચ્છતા રાખવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ સિટી-મોક્ષધામ:

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નિર્મિત ગાંધીધામ સિટી મોક્ષધામનો આવતીકાલથી આરંભ કરાશે. દીનદયાલ પોર્ટ ઓથોરિટી તથા ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ સ્મશાનભૂમિનું નિર્માણ કરાયું છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સંચાલિત ગાંધીધામ સિટી મોક્ષધામ 10 એકર પરિસરમાં બનાવવામાં આવ્યું છે. પરિસરમાં શિવ મંદિરનું ભૂમિપૂજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું તેમજ અન્ય જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ પૂરી કરવાની કામગીરી ત્વરિત હાથ ધરવામાં આવી રહી છે.

---

## ભુજ-ખાવડા-ધર્મશાળા માર્ગની મરંમત:

ભુજ-ખાવડા-ધર્મશાળા રોડની થયેલી ખખડધજ હાલતના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નેશનલ હાઈવે વિભાગ દ્વારા માર્ગની ત્વરિત સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. અગાઉ દિવાળી પૂર્વે આ માર્ગનું મરંમત કાર્ય કરવામાં આવ્યું હતું. હવે દિવાળી બાદ, આવનારા રણોત્સવ કાર્યક્રમ દરમિયાન પ્રવાસીઓના સુરક્ષિત પ્રવાસને સુનિશ્ચિત કરવા માટે સમારકામ હાથ ધરાયું છે.

---

## આડેસરમાં માતા-પુત્રીના મોત:

રાપર તાલુકાના આડેસર ગામે પાણીના ટાંકામાં પડી જતાં માતા અને બે પુત્રીઓના મોત થયા છે. આજે પરોઢે સર્જાયેલી દુર્ઘટનામાં 28 વર્ષીય માતા અને 5 વર્ષ અને 3 માસની વયની બે બાળકીના મોતથી ગામમાં ગમગીની છવાઇ છે. આ બાબતે આડેસર પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## ભુજથી ધારી બસ શરૂ:

કચ્છ સૌરાષ્ટ્રને જોડતી લાંબા અંતરની એસટી બસ સેવા શરૂ થતા પ્રવાસી જનતામાં આનંદની લાગણી છવાઇ છે. આ સપ્તાહના પ્રારંભે ગુજરાત વાહન વ્યવહાર નિગમ દ્વારા ભુજથી ધારી વાયા ગોંડલ-બગસરાની નવી બસ શરૂ કરવામાં આવતા કચ્છથી સૌરાષ્ટ્ર જતા પ્રવાસીઓની સેવામાં વધારો થયો છે. આ બસ ભુજથી રાત્રે 9 વાગયે ઉપડીને સવારે સાડા પાંચ કલાકે ધારી પહોંચશે, જ્યારે ધારીથી રાત્રે 7 વાગ્યે ઉપડીને બીજા દિવસે સવારે સાડા પાંચ કલાકે ભુજ પહોંચશે.

---

## હવામાન:

કારતક માસ પૂર્ણ થવાને આડે હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે કચ્છમાં હજુ સુધી કાતિલ ઠંડીનો દોર શરૂ થયો નથી. વિતેલા એક સપ્તાહથી જિલ્લામાં તાપમાનમાં સામાન્ય વધઘટનો દોર ચાલી રહ્યો છે. આજે જિલ્લાના તમામ મથકો પર લઘુત્તમ તાપમાનમાં ગઇકાલથી સરખામણીએ સામાન્ય વધારો નોંધાયો હતો. હવામાન વિભાગ તરફથી મળેલ સત્તાવાર આંકડા અનુસાર નલિયામાં 15.8 ડિગ્રી અને ભુજમાં 17.7 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. જિલ્લામા રાત્રી દરમિયાન ઠંડક ભર્યો માહોલ રહે છે. વહેલી સવારે કુલ ગુલાબી ઠંડીની અસર વર્તાયા બાદ દિવસ ચડતા વાતાવરણ ગરમ હુંફાળું બનતા કચ્છવાસીઓને મિશ્ર ઋતુની અનુભૂતી થઇ રહી છે.

---

## સૈનિક સંમેલન:

માંડવી ખાતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ભુજનું ઓળખ પત્ર ધરાવતાં અને તાલુકામાં વસવાટ કરતાં પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ સૈનિકો અને પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓનું 16 નવેમ્બરના સૈનિક સંમેલન યોજાશે. સંમેલનમાં કેન્દ્રીય સૈનિક બોર્ડ, રાજય સરકાર અને રાજ્ય સૈનિક બોર્ડની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી, અનેકવિધ

સહાયની માહિતી સહિત વિવિ યોજના બાબતે માર્ગદશર્ન આપવામાં આવશે તેવું મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

------------------------------------------------------------------------------------------------